# ન્યૂઝીલેન્ડની આકર્ષક શિક્ષણ વ્યવસ્થા

વિશ્વમાં સૂર્યનું પ્રથમ કિરણ જે દેશ પર પડે છે તે છે ન્યૂઝીલેન્ડ. માટે તો તેને ઊગતા સૂરજનો દેશ કહે છે. અમદાવાદ કે વડોદરા કે સૂરત કરતા પણ ઓછી વસ્તી ધરાવતા, જ્વાળામુખીથી ભરેલા આ દેશમાં માત્ર ૪૫ થી ૪૭ લાખ જેટલી જ વસ્તી છે. આ દેશની ગયા અઠવાડિયે મુલાકાત લીધી ત્યારે ત્યાની શાળાની પણ મુલાકાત લીધી, સાથે શિક્ષકો, વાલી અને વિદ્યાર્થી સાથે શિક્ષણ વિષયક કેટલીક ચર્ચા પણ કરી. એ સમયે મનમાં વિચાર ચાલતો હતો કે, કાશ ગુજરાત કે ભારતમાં પણ ન્યૂઝીલેન્ડ પાસેથી સારી કેટલીક બાબતો શીખીને તેનો અમલ ગુજરાત કે ભારતમાં કરવામાં આવે તો કેવું ? ન્યૂઝીલેન્ડની શિક્ષણ વ્યવસ્થા વિષે કેટલીક બાબતો જાણવી સૌ વાચકો માટે રસપ્રદ બની રહેશે.

ન્યૂઝીલેન્ડ શિક્ષણ વ્યવસ્થાની દ્રષ્ટિએ દુનિયામાં સાતમાં નંબરે છે. અહી ધો. ૧ થી ૬ એ પ્રાથમિક શિક્ષણ, ૭ થી ૯ એ સેકન્ડરી એટલે કે ઇન્ટર મિડિએટ, ૧૦ થી ૧૩ એ કોલેજ શિક્ષણ અને ત્યારબાદ યુનિવર્સિટી એટલે કે ઉચ્ચ શિક્ષણ. અહી સાક્ષરતાનો દર ૯૯ ટકા છે. આમ છતાં ૧૪.૨ ટકા પાસે જ સ્નાતક કે ઉચ્ચશિક્ષણની લાયકાત છે. સૌથી વધારે ૩૦.૪ ટકા સેકન્ડરી શિક્ષણ મેળવે છે. ૨૨.૪ ટકા પાસે શિક્ષણની કોઈ જ ઔપચારિક લાયકાત નથી. એટલે કે સેકન્ડરી શિક્ષણ કરતા પણ ઓછું શિક્ષણ છે.

અહીના નાગરિક કે કાયમી વસવાટ ધરાવનાર માટે શાળા શિક્ષણ મફત અને ફરજીયાત છે. અહી ન્યૂઝીલેન્ડમાં ૯૫ ટકા જેટલી શાળાઓ સરકારી છે, માત્ર ૫ ટકા જેટલી જ પ્રાયવેટ એટલે કે ખાનગી છે. દરેક વિસ્તારમાં સરકારી શાળા હોય જ. જે તે વિસ્તારમાં રહેતાં વિદ્યાર્થીએ તે જ વિસ્તારની શાળામાં અભ્યાસ કરવો ફરજીયાત છે. તમે રહેતાં હોવ એક વિસ્તારમાં અને અભ્યાસ કરવો હોય અન્ય વિસ્તારમાં તો તેમ કરી શકતા નથી. અહી દરેક શાળાને જે તે વિસ્તારની આર્થિક આવકને આધારે રેટિંગ આપવામાં આવે છે. જે શાળા ધનિક વિસ્તારમાં હોય તેનું રેટિંગ ઊંચું હોય છે અને જેમ આર્થિક રીતે નબળો વિસ્તાર વધુ તેમ રેટિંગ નીચું હોય છે. પણ આપણે શીખવા જેવી બાબત એ છે કે , અહી ધનિક વિસ્તારમાં આવેલી શાળા કે જેનું રેટિંગ ઊંચું છે તેને સરકારી સહાય ગ્રાન્ટ ઓછી ફાળવવામાં આવે છે અને નબળા વિસ્તારમાં આવેલી શાળા કે જેનું રેટિંગ નીચું છે તેને વધુ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. કારણ કે, દરેક શાળામાં વળી મંડળ હોય છે, તેઓ શાળાના વિકાસમાં રસ લેતા હોય છે. જયારે આપણે ત્યાં ઉલટું છે, નબળા વિસ્તારમાં આવેલી શાળાના વિદ્યાર્થીનું પરિણામ સ્વાભાવિક છે કે, ઓછું આવે જ, અને આપની ગુજરાત સરકાર આવી શાળાને વધુ સહાય કરવાને બદલે તેની ગ્રાન્ટ કાપે છે. જેથી આપણી નબળી શાળાઓ વધુ નબળી બને છે.

અહી કોઈ બાળક શાળામાં ગેરહાજર રહેવાનું હોય તો તેની જાણ વાલીએ શાળાને કરવી પડે છે. પણ કોઈ બાળક સતત ત્રણ દિવસ ગેરહાજર રહે અને તેની જાણ વળી શાળાને ન કરે તો શાળા સામા પગલે તે વાલીનો ટેલીફોનિક સંપર્ક કરે છે. જો વાલીનો સંપર્ક ન થાય તો વાલીએ આપેલ ઈમરજન્સી કોન્ટેક્ટ પર સંપર્ક કરવાનો પ્રયત્ન કરશે અને જો ત્યાં પણ સંપર્ક ન થાય તો અંતે શાળા પોલીસને જાણ કરશે કે , ફળનું બાળક શાળાએ આવતું નથી અને તેના વાલીનો સંપર્ક થતો નથી. ક્યારેક કોઈ વાલીને પોતાનું ગામ કે

શહેર છોડીને અન્ય જગ્યાએ વધુ દિવસ સુધી કુટુંબ સાથે જવાનું થાય ત્યારે તે વાલી પોતાના બાળકને જે ગામ કે શહેરમાં જાય ત્યાં જે જગ્યાએ રહે ત્યાંથી નજીકની શાળામાં પોતાના બાળકને અભ્યાસ માટે મૂકી શકે છે. અહી જે તે વિસ્તારની શાળાએ પેલા વિદ્યાર્થીને થોડા દિવસ માટે પણ પ્રવેશ આપવો પડે. આમ કોઈ બાળકનો અભ્યાસ બગડતો નથી.

અહી ન્યૂઝીલેન્ડની શાળાઓની અનેક સારી વ્યવસ્થામાની એક વ્યવસ્થા ખૂબ જ ગમી. અહી દરેક વર્ગ પાસે કે મેદાનમાં એક પાટલી – બેન્ચ હોય છે. જેણે બડી બેન્ચ ( buddy bench )– સાથી મિત્ર વાળી પાટલી. હોય છે. એટલે કે, જો કોઈ વિદ્યાર્થી ઉદાસ છે , તેને કોઈ મુશ્કેલી છે, તો તે વિદ્યાર્થી આ પાટલી પર આવીને બેસે છે. આ વિદ્યાર્થીને જોઇને અન્ય કોઈ વિદ્યાર્થી કે વિદ્યાર્થીઓ તેની પાસે આવે છે, તેની સાથે બેસે છે, તેની સાથે વાત કરે છે, તેને બોલાવી જાય અને તેની સાથે રમે છે, ટૂંકમાં બડી બેન્ચ પર બેઠેલ વિદ્યાર્થીને મદદરૂપ થવા અન્ય વિદ્યાર્થીઓ તરત જ આવે છે અને તેને સહાય કરે છે. ઉપરાંત દરેક શાળામાં એક કાઉન્સેલર હોય છે, જે આવા વિદ્યાર્થીઓને ખાસ મદદરૂપ થાય છે.

આપણા દેશની શાળામાં કોઈ વિદ્યાર્થીએ કોઈ શાળામાં ધોરણ એકના 'ક' વર્ગમાં પ્રવેશ લીધો છે. તો પછી તે પાસ થાય ત્યારે ધોરણ બેના 'ક' વર્ગમાં જ જાય છે. એટલે કે તમે પ્રવેશ લીધો હોય ત્યારે અ,બ, ક કે ડ જે વર્ગમાં પ્રવેશ લીધો હોય તે વર્ગમાં જ તમે પાસ થઈને જાવ છો. એટલે કે તમારા વર્ગના જે ૫૦-૬૦ વિદ્યાર્થીઓ હતા તેની સાથે જ તમે પાસ થઈને સતત અભ્યાસ કરો છો. જયારે અહી ન્યૂઝીલેન્ડમાં એવું નથી. તમારો વર્ગ દરેક વર્ષે બદલાય છે. તમે દરેક નવા વર્ષે અન્ય વિદ્યાર્થીઓ સાથે અભ્યાસ કરશો. આમ તમે દર વર્ષે નવા મિત્રો બનાવશો. એમ કરતા તમે વધુ વિદ્યાર્થીના સંપર્કમાં આવો છો અને વધુ સામાજિક બનો છો. એટલું જ નહિ આપણે ત્યાં મોટાભાગે બે મિત્રો એક જ પાટલી પર એકબીજા સાથે બેસતા હોય છે. જયારે અહી ન્યૂઝીલેન્ડમાં બે ખાસ મિત્રોને એક પાટલી પર બેસવા દેતા નથી. બેસવાની પાટલી અને વિદ્યાર્થીઓ પણ બદલાય છે. અહી શાળા કક્ષાએ વાંચન, ગણિત, વિજ્ઞાન. અહી વિષય શિક્ષણ કરતા રમતગમત અને અને નૈતિક શિક્ષણ પર વધુ ભાર મૂકવામાં આવે છે. માટે જ ૪૫ લાખની વસ્તી ધરાવતો નાનો દેશ ઘણી રમતમાં વિશ્વમાં નામના ધરાવે છે. જયારે આપણે એક અબજથી વધુ વસ્તીમાંથી ઓલમ્પિકમાં કેટલા મેડલ મેળવીએ છીએ ?

અહી ન્યૂઝીલેન્ડની શાળાઓમાં મોટાભાગે સત્રના પ્રથમ અઠવાડિયામાં વિદ્યાર્થીઓને વન ડે ટ્રીપ કરાવે છે. જેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ એકબીજાના પરિચયમાં આવે, સાથે પર્યાવરણ કે અન્ય મળેલ વારસાની મુલાકાત લેવડાવીને તેના પ્રત્યે સભાન કરાવે છે. આવી મુલાકાત દરેક વિદ્યાર્થી માટે ફરજીયાત હોય છે. પરિણામે વિદ્યાર્થીને સાચવવા ક્યારેક મુશ્કેલ બની જાય છે. જેથી શાળા કેટલાક વાલીની મદદ લે છે, વાલી પણ આવી ટ્રીપમાં સાથે જાય છે અને શિક્ષકોને મદદ કરે છે. વધુ બાબતો હવે પછીના લેખમાં જોઈશું.

# ન્યૂઝીલેન્ડની આકર્ષક શિક્ષણ વ્યવસ્થા – ૨

ગત લેખમાં ન્યૂઝીલેન્ડની શિક્ષણ વ્યવસ્થા પર થોડી વાત કરી હતી. બાકીની વાત આજે. ન્યૂઝીલેન્ડની શાળાઓમાં વિદ્યાર્થીને શિક્ષા કરવાની સાફ મનાઈ છે. એટલે કે કોઈ શિક્ષક વિદ્યાર્થીને કોઈ પણ પ્રકારની શિક્ષા કરી શકતા નથી. શિક્ષા એટલે માર મારવો કે શારીરિક શિક્ષા કરવી એટલું જ નહિ, પણ વિદ્યાર્થીને ધમકાવી પણ ન શકાય કે કોઈ અપશબ્દ પણ ન બોલી શકાય. આ નિયમ માત્ર શિક્ષકો માટે જ નથી વળી માટે પણ આ નિયમ લાગુ પડે છે. શિક્ષક કે વાલી હળવી ટપલી પણ ના મારી શકે. થોડા સમય પહેલાં આ માટે વાલીઓએ સરકારને રજૂઆત કરી હતી કે, અમને હળવી શિક્ષા કરવાની મંજૂરી આપો, અમે માત્ર ટપલી જ મારીશું કે ચોક્કસ કારનો સર થોડા ઊંચા અવાજે ધમ્કાવીશું. આ માટે ત્યાની સરકારે દરેક વ્યક્તિનો મત જાણવાનો પ્રયત્ન કરેલો. બહુમત એ આવ્યો કે, સરકારે હળવી શિક્ષા કરવાની પણ મંજૂરી ન આપવી. આમ સરકારે જાહેર કર્યું કે, તમે તમારા બાળકને સમજાવીને કારણો આપીને કામ લો, પણ શિક્ષા તો નહિ જ. એલુ જ નહિ આમ છતાં કોઈ શિક્ષક કે કોઈ વાલી બાળકને શારીરિક શિક્ષા કરે કે શાબ્દિક ધમકાવે તો બાળક કે અન્ય કોઈ જોઈ જાય અને પોલીસને ફરિયાદ કરે તો શિક્ષા કરનારનું આવી જ બને. શિક્ષક કે વાલી કોઈ બાબતનો આગ્રહ રાખે તો બાળક તેની ના પણ પડી શકે, અને બાળક જો આમ કરે તો શિક્ષા કે વાલી વધુ તેને કશું જ કહી ના શકે.

અહી ન્યૂઝીલેન્ડની શાળાઓમાં વર્ષના અંતે કોઈપણ પ્રકારની પરીક્ષા નથી. એટલે કે આપણી જેમ બોર્ડની પરીક્ષાની તો વાત જ ક્યાં રહી ! અહી નાપાસ કરવાની વાત જ નથી. દરેક વર્ષના અંતે શિક્ષક દ્વારા વિદ્યાર્થીનું રીપોર્ટ કાર્ડ તૈયાર કરવામાં આવે છે. જેમાં વિવિધ બાબતોમાં તેનો કેટલો વિકાસ થયેલો છે તેની નોધ હોય છે. જેમાં વિકાસનું પ્રમાણ સામાન્ય, સામાન્યથી ઓછું કે સામાન્યથી વધારે એટલું જ લખેલું હોય છે. જેની એક નકલ વિદ્યાર્થીને અને એક નકલ બીજા વર્ષે તે જે વર્ગમાં જાય છે તેના શિક્ષકને આપવામાં આવે છે. આ રીપોર્ટ કાર્ડના આધારે પછીના વર્ષે શિક્ષક તેને એ રીતે અભ્યાસ કરાવે છે. તો પ્રશ્ન એ થાય કે આગળના અભ્યાસ માટે શાળા કે કોલેજ કે યુનિવર્સિટીમાં પ્રવેશ કઈ રીતે આપવો ? તો અહી સામાન્ય રીતે કોઈ પ્રવેશ પરીક્ષા પણ નથી. બીજી એક ખાસ વાત એ છે કે, અહી બાળકને તેની ઉમરને આધારે પ્રવેશ કોઈ ચોક્કસ ધોરણમાં આપવામાં આવે છે. ધારો કે, ભારતમાંથી આઠ વર્ષનું કોઈ બાળક અહી આવે છે તો તેને સીધો ત્રીજા ધોરણમાં પ્રવેશ આપે છે. એવું વિચારવામાં આવતું નથી કે તે અમારે ત્યાં પહેલું અને બીજું ધોરણ ભણ્યું નથી. યુનિવર્સિટી કક્ષાએ વિદ્યાર્થીઓ પોતાના રસના કે ઉપયોગી હોય અને શક્તિ હોય તેવા જ ક્ષેત્રમાં પ્રવેશ લે છે, પ્રવેશ લેતી વખતે બે વ્યક્તિનો રેફરન્સ આપવો પડે છે. કે આ વિદ્યાર્થી આ કોર્સ કરી શકે તેમ છે, તેને આ કોર્સ કરવાથી આવો ફાયદો થાય તેમ છે વગેરે. પરિણામે તેને જોઈતો પ્રવેશ મળી જાય છે, સાથે જે સંસ્થામાં પ્રવેશ મેળવે ત્યાં તેને મૌખિક ઈન્ટરવ્યું લઈને માર્ગદર્શન આપવામાં આવે છે. આમ છતાં કોઈ વિદ્યાર્થી શક્તિ બહારનો કોર્સ પસંદ કરે અને તેનું પરિણામ પ્રથમ વર્ષે સારું ના આવે તો તેને કોર્સ

બદલાઈ દેવામાં આવે છે. ન્યૂઝીલેન્ડમાં વિદ્યાર્થીનું રિઝલ્ટ કે રીપોર્ટ કાર્ડ માત્ર વિદ્યાર્થીને જ આપવામાં આવે છે. કોઈ તેને પૂછતું નથી કે શું રિઝલ્ટ આવ્યું. કે કોઈ તેને સારું નરસું કહેતું પણ નથી. એ બાબત તેની અંગત માનવામાં આવે છે. માટે જ અહી કોઈ વિદ્યાર્થી ક્યારેય આપઘાત કરતો નથી. અને આપણે ત્યાં ?

અહીની સમાજ વ્યવસ્થાની અસર શિક્ષણ વ્યવસ્થા પર પણ પડે છે. અહી મોટાભાગે બાળક ૧૫ વર્ષની ઉમરથી વેકેશનમાં નોકરી કરે છે, .અને ૧૮ વર્ષનું થાય ત્યારે તે તેના મા-બાપથી સ્વતંત્ર થઈને ઘેરથી નીકળી જાય છે, અને પોતાની રીતે પોતાના મિત્રો સાથે કે પોતાને ગમે તે રીતે રહે છે. વાચકને પ્રશ્ન એવો થાય કે, તો તેને જીવન જીવવા માટે આર્થિક બાબતનું શું ? તો તેઓ ગમે ત્યાં ગમે તેવી નાની-મોટી નોકરી કરવા લાગે છે. અહી એ ધ્યાનમાં રાખીશું કે, આવા છોકરા કે છોકરીની ઉમર ૧૮ વર્ષ છે, તેમણે વધુમાં વધુ સેકન્ડરી કે કોલેજ કક્ષાનું, ઉચ્ચ શિક્ષણ નહિ, એટલું જ શિક્ષણ લીધું હોય છે. તેમનું ઉચ્ચ શિક્ષણ  એટલે કે યુનિવર્સિટી કક્ષાનું શિક્ષણ બાકી હોય છે. આવા છોકરા કે છોકરીઓ ગમે તે પ્રકારની નોકરી કરે છે, જેમ કે, રેસ્ટોરન્ટમાં , સુપર માર્કેટમાં કે કોઈ જગ્યાએ ક્લીનીંગ કરવાની. તેઓને કોઈ પણ પ્રકારની નોકરી કે કામ કરવાના શરમ સંકોચ હોતા નથી, ભલે ને તેઓનો ગમે તેવા મોટા ધનવાન ઘરમાં ઉછેર થયો હોય. હા, કેટલાક છોકરા કે છોકરીઓને સારા સંસ્કાર મળ્યા ન હોય તો તેઓ નોકરી ના પણ કરે, વ્યસની બની જાય છે. અહી એક બાબત નિશ્ચિત છે કે, આ દેશના નાગરિકને જીવે ત્યાં સુધી તેની રહેવા અને ખાવાની સગવડ સરકારે આપવી જ પડે. એટલે જે નોકરી કરતા નથી કે જેની પાસે નોકરી નથી તેમના ખાવાની અને રહેવાની સગવડ સરકાર આપે જ છે.

આમ ૧૬ થી ૧૮ વર્ષે મોટાભાગના છોકરા છોકરી પોતાના વાલીથી છૂટા થઈને પોતાની રીતે રહેતાં હોય છે. એટલે તેમણે ભણવાનું પણ છોડી દીધું હોય છે. તેઓ લગભગ ૮ – ૧૦ વર્ષ નોકરી કરીને પોતાની રીતે જીવતા હોય છે. ત્યારબાદ ૨૮ – ૩૦ વર્ષ પછી તેઓ વધુ પરિપક્વ બને છે, અને વિચારે છે કે ઉચ્ચ અભ્યાસ કરવો કે જે નોકરી કરે છે તે નોકરી જ કરવી. ત્યારબાદ પોતાના રસના ક્ષેત્રમાં કે પોતે શું બનવા માંગે છે કે પોતાને જેની જરૂર છે એવા ક્ષેત્રમાં વધુ અભ્યાસ કરવાનું વિચારીને ઉચ્ચશિક્ષણ મેળવવા યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવે છે. આ વખતે ઘણીવાર તેઓ જ્યાં નોકરી કરતા હતા ત્યાની સંસ્થા પણ તેમણે ઉચ્ચ અભ્યાસ માટે મોકલે છે. ટૂંકમાં, અહીના નાગરિકો ૨૮ – ૩૦ વર્ષ પછી પોતાના રસના અને પોતાને ઉપયોગી થાય તેવા ક્ષેત્રમાં ઉચ્ચઅભ્યાસ કરે છે. પણ આવું બધા જ લોકો કરતા નથી. કેટલાક તો ૫૦-૬૦ વર્ષની ઉમરે પણ જરૂર પડતા અભ્યાસ કરવા જાય છે. આપણા દેશમાં જેમ  આપણે કોલેજ શિક્ષણ પૂરું કરીને પછી જ નોકરીનો વિચાર કરીએ છીએ તેવું અહી નથી. અહી પહેલા નોકરી પછી જરૂર પડે તો જ ઉચ્ચ શિક્ષણ. માટે જ અહી ઉચ્ચ શિક્ષણ લેનારની સંખ્યા ખૂબ જ ઓછી છે. તેઓ આ બાબતમાં આપણી વ્યવસ્થાને વધારે આદર્શ માને છે. અહી આ રીતે ઉચ્ચશિક્ષણ મેળવવા માંગતા વિદ્યાર્થીને અભ્યાસની ફી કે અન્ય  ખર્ચ માટેની વગર વ્યાજની લોન બેન્કમાંથી મળે છે, અને રહેવા ખાવાનો ખર્ચ સરકાર મફત આપે છે. મળેલી લોન અભ્યાસ પૂર્ણ થાય પછી તે જયારે નોકરી શરૂ કરે અને અમુક આવકથી વધારે કમાય પછી જ ભરવાની હોય છે. આપણા દેશની કોઈ વ્યક્તિ પી.આર. થઈને અહી રહે તો તેને પણ આવા બધા લાભ મળે.